

મોબાઈલ૯૮૨૫૪૭૩૬૬૫

## આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

### આજનું પંચાંગ

| | |
|---|---|
| વઉદિત તિથિ | કૃષ્ણ પક્ષ ષષ્ઠી સવારે ૭:૨૩ સુધી, ત્યાર પછી સપ્તમી |
| વાર | શનિ |
| નક્ષત્ર | પુનર્વસુ સવારે ૮:૦૫ સુધી, ત્યાર બાદ પુષ્ય |
| કરણ | વણિજ સવારે ૭:૨૩ સુધી, ત્યાર બાદ વિષ્ટિ સાંજે ૭:૩૧ સુધી, ત્યાર બાદ બવ |
| યોગ | શુભ તા. ૮ નવેમ્બરની સવારે ૫:૨૦ સુધી, ત્યાર બાદ શુક્લ |
| આજની રાશિ | કર્ક |
| રાશિના અક્ષરો | ડ. હ. |

### આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

**મેષ (અ. લ. ઈ.)**
આજે દિલથી કામ કરશો, દિલથી પ્રેમ કરશો, દિલથી બધું અભિવ્યક્ત કરશો અને દિલથી જીવશો. આજના દિવસે આપના સ્વભાવની વિરુદ્ધની ઠંડકનો થોડો અનુભવ, અન્ય લોકોને થશે. ઉચાટ ઓછો થશે. આપ એવું વિચારશો કે ઉચાટ કરીને શું ફાયદો, એના કરતાં તબિયતથી જીવો, મોજ કરો. આપને કાર્યનું પણ બહુ ભારણ નહીં જણાય.

**વૃષભ (બ. વ. ઉ.)**
આજે એવું ન વિચારશો કે કોઈ બીજી વ્યક્તિ આપની બાજી લઈ જઈ રહ્યું છે. કોમ્પીટીશન એનાં માટે હોય છે કે આપની ક્ષમતાઓ બહાર આવે. હાર-જીતના પ્રશ્નોમાં ન ઉતરશો. કામ કર્યા કરજો. કોઈ પણ બાબતે આપ અટવાશો નહીં. આપનો પ્રયાસ એવો રહેશે કે કામો આગળ વધે. તે માટે આપની ઝડપ અને સમયસૂચકતા સારી રહેશે.

**મિથુન (ક. છ. ઘ)**
આજે ઘર પરિવાર અને તેની સાથે સંકળાયેલી બાબતોને આપ મહત્વ આપશો. પૈસા – પરિવારજનોને ખુશ કરવા પાછળ ખર્ચાશે. આપે જે કોઈ પણ બચત કરી હશે, તેને રિવ્યુ કરશો. આજે બચત સાચી દિશામાં વાળવા પ્રયાસ કરજો. બાકી, પૈસા ખર્ચવા બેસો તો એનો તો કોઈ અંત જ નથી. ધીરજ રાખજો અને કામો પતાવજો.

**કર્ક (ડ. હ.)**
લાગણીનો ધોધ સતત પ્રવાહિત રહેશે. રચનાત્મક કાર્યો કરવા તરફ લાગણી વાળશો, તો અતિ ઉત્તમ. બાકી, અચાનક રડી પડાય, અચાનક હસી પડાય – એવો દિવસ છે. ભૂતકાળની યાદો આપની ઉપર હાવી હશે. આજે નિર્ણયો પણ દિલથી લેશો, બહુ વિચારશો નહીં. દિલ કહે છે કે આમ કરવું – તો આપ તેમ કરશો.

**સિંહ (મ. ટ.)**
આપને એવું લાગશે કે ઘણી મહેનત વ્યર્થ જઈ રહી છે. ઘણા બધા લોકો અને પ્રોજેક્ટ્સ પાછળ આપે જે સમય આપ્યો છે, તે જાણે નક્કામો ગયો – એવી લાગણી થશે. એવું નથી – ડોન્ટ ગિવ અપ – પ્રયાસ ચાલુ રાખશો તો થોડા દિવસમાં સફળતા મળશે. આજે નકારાત્મક વિચારોથી દૂર રહેજો અને સકારાત્મક દષ્ટિકોણ રાખજો.

**કન્યા (પ. ઠ. ણ)**
આજના દિવસે આપની ક્ષમતાઓની સામે આપને જે પ્રતિસાદ મળશે, તે કંઈક જુદો હશે. એનાથી દુઃખ કે નિરાશા ઉપજી શકે. પણ, જો આપને પોતાની ઉપર વિશ્વાસ હોય તો કોઈ વખાણ કરે કે ન કરે, આપે નારાજ થવું જ ન જોઈએ. આજનો દિવસ નવા ચાંદ તારા બતાવવા કોશિશ કરશે પણ છેવટે આપ તો વાસ્તવિકતાની ડોર જ પકડી રાકશો. આપ સપના જોવાની બદલે હકીકતોને જ ધ્યાનમાં લેશો.

**તુલા (ર. ત.)**
જ્યાંથી શરૂઆત કરી હતી ત્યાં જ ફરી એક નવો આયામ આપને મળી આવે તેમ બને. આપ પ્રયાસ કરશો કે કોઈ પણ રીતે આપના પ્રોજેક્ટ્સ પૂરાં થાય. પરંતુ, આપ એ વિશ્વાસ પણ રાખજો કે પ્રામાણિક પ્રયાસોના સારાં પરિણામો મળતાં જ હોય છે. આજના દિવસે કોઈની સાથે લંબાણપૂર્વક વાતચીત થવાની પૂરી સંભાવનાઓ છે.

**વૃશ્ચિક (ન. ય.)**
આપની સાથે સંકળાયેલા લોકો આપનો દૂરુપયોગ કરી રહ્યાં છીએ એવું લાગે. આજનો દિવસ વાસ્તવિકતાને સ્વીકારીને ચાલવાનો દિવસ છે. બહુ જ ધ્યાન પૂર્વક વિચારશો તો આપ સમજી શકશો કે આપનો ઉપયોગ એટલે જ થઈ રહ્યો છે કે આપ ઉપયોગમાં આવવા ને સક્ષમ અને લાયક છો. સત્કર્મોના સારાં ફળ મળતાં જ હોય છે.

**ધન (ભ. ફ. ધ. ઢ)**
આજના દિવસે આપ ધર્મ, આધ્યાત્મ અને ગૂઢ વિદ્યાઓ પ્રત્યે વધુ ધ્યાન આપશો. આપને જીવન અને મૃત્યુનું રહસ્ય સમજવા માટે પ્રેરણા મળશે. આજે જોઈન્ટ પ્રોપર્ટી કે જોઈન્ટ અકાઉન્ટ અંગે ચર્ચાઓ થાય. વારસાગત મુદ્દાઓની વાતો થાય. આપ સરળ રહેશો, અપેક્ષાઓ ઓછી રહેશે. ધ્યાન ધરવા માટે કે આધ્યાત્મિક ચિંતન માટે ઉત્તમ દિવસ છે.

**મકર (ખ. જ.)**
આજના દિવસે આપના માટે વિશેષ રહેશે. લોકો આપને ઓળખતાં થશે, આપ લોકોને ઓળખો કે નહીં. જ્યાં જ્યાં આપે ભૂતકાળમાં સારી ઈમેજ બનાવી હશે, ત્યાંથી લોકો આપનો સંપર્ક કરવા કોશિશ કરશે. આજનો દિવસ આપના વિચારો પ્રદર્શિત કરવા માટે ઉત્તમ છે, ખાસ તો સોશિયલ મિડિયા ઉપર.

**કુંભ (ગ. શ. સ.)**
આજે મહેનત કરવાની છે, એ માટે તૈયાર રહેજો. જો આપ પ્રગતિશીલ રહેશો અને મહેનત ચાલુ રાખશો, તો અને તો જ પરિણામો મળશે. આજે હેકટિક રૂટિન રહે. વધુ સ્ટ્રેસ આવી જતાં લાગણીશીલ થઈ જવાય તેવું બને. પોતાની તબિયત સાચવજો. જો તકેદારી નહીં રાખો તો બીમાર પડશો.

**મીન (દ. ચ. ઝ. થ)**
આજે આપ રૂમાની એટલે કે રોમાન્ટિક મૂડમાં રહેશો. આપને એવું લાગશે કે કોઈ આપને મહત્વ આપી રહ્યું છે તે, એ વ્યક્તિની ચાહના છે, ઝંખના છે. આપ લાગણીઓના પ્રવાહમાં તણાઈ જાઓ એવી પૂરી શક્યતાઓ છે પરંતુ આપને ચોક્કસ એ સમજવું પડશે કે જો ચકાસણીમાં વ્યક્તિ ખરી ઉતરે અને એ આપની સાથે જીવનભર સાથ નિભાવવા તૈયાર હોય – તો જ એ સાચી પસંદગી ગણાય.

## એચડીએફસી બેંકે સીઈઓના પદે રમેશ લક્ષ્મીનારાયણની નિમણૂંક કરી

એચડીએફસી બેંક લિમિટેડે ઈન્ફોર્મેશન ટેકનોલોજીના પોતાના ગ્રુપ હેડ તરીકે રમેશ લક્ષ્મીનારાયણની નિમણૂંક કરી છે. તેઓ ચીફ ઈન્ફોર્મેશન ઓફિસર (સીઆઈઓ)નું પદ સંભાળશે અને બેંકની ટેકનોલોજીના પરિવર્તનને લગતી કામગીરીને નવા સ્તરે લઈ જવાની જવાબદારી સંભાળશે.



બેંકના તમામ સ્તરે તેમની ભૂમિકા હશે. તેઓ બેંકની ટેકનોલોજીને લગતી વ્યૂહરચના, ફાઉન્ડેશનલ ટેકનોલોજીને સુદ્રઢ બનાવવા, ડિજિટલ ક્ષમતામાં વધારો અને નવા યુગના એઆઈ/એમએલ ટેકનોલોજી સોલ્યુશનના ઉપયોગ માટે જવાબદાર રહેશે.

રમેશ લક્ષ્મીનારાયણને આ પહેલાં ક્રિસિલમાં ત્રણ વર્ષ સુધી ચીફ ટેકનોલોજી એન્ડ ઈન્ફોર્મેશન ઓફિસરના પદે સેવા આપી હતી. અહીં તેઓ ટેકનોલોજી, ડેટા અને વિશ્લેષણનો લાભ લઈ ક્રિસિલના વ્યવસાયમાં પરિવર્તન લાવવાની જવાબદારી સંભાળતા હતા. ક્રિસિલ સાથે જોડાતા પહેલા તેઓ પ્રેગમેટીક્સ સર્વિસિઝ પ્રાઈવેટ લિમિટેડ નામના બિગ ડેટા અને એનાલીટિક્સ સ્ટાર્ટ અપ સાથે સંકળાયેલા હતા, જેના તેઓ સહસ્થાપક હતા. ૨૦૧૭ માં આ સ્ટાર્ટઅપને ક્રિસિલે હસ્તગત કર્યું હતુ.

# રાજ્યમાં ૨૪ કલાકમાં નવા ૧૦૩૫ કેસ

## છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૫૫ને ડિસ્ચાર્જ કરાયા : રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬૨૧૩૬૬૮ ટેસ્ટ કરાયા તેમજ ૧૬૧૫૨૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર, તા.૬
રાજ્યમાં કોરોનાની સ્થિતિમાં દિવસે દિવસે સુધારો થતો હોય તેવું દેખાઈ રહ્યું છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૦૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા છે. આજે રાજ્યમાં નવા ૧૦૩૫ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૩૨૧ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૬૨૮૪૬ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૧.૧૬ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૧૫૩૪ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૭૯૨.૮૩ પ્રતિ મિલિયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬૩,૬૫,૨૦૨ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫૦૧૩૦૭ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૦૧૨૦૫ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૦૨ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૯૧.૧૬ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજયમાં હાલ ૧૨૦૩૬ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર ઉપર ૬૯ છે. જ્યારે ૧૧૯૬૭ લોકો સ્ટેબલ છે. ૧૬૨૮૪૬ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૭૫૧ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૪ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૨, ભરુચમાં ૧, સુરત કોર્પોરેશન માં ૧ સહિત કુલ ૪ દર્દીઓનાં કોરોના વાયરસના કારણે મોત નિપજ્યાં છે.

## શામળાજી નજીક યુવકની હત્યાનો ભેદ ઉકેલાયો બે હત્યારા ઝડપાયા

### બાઈક અથડાતા ત્રણ યુવકોએ યુવકને ઢોર માર મારતા મોત નીપજ્યું હતું

શામળાજી, તી. ૬
શામળાજીના વેણપુર નજીક બનેલ યુવકની હત્યાની ઘટનાની ગુત્થી ઉકેલવા માટે પોલીસવડા સંજય ખરાતે એલસીબી પોલીસને તપાસ સોંપતા ડીવાયએસપી ભરત બસીયાના માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઈ આર.કે. પરમાર અને તેમની ટીમે શામળાજી પંથકમાં ધામાં નાખી ગણતરીના દિવસોમાં બે હત્યારાઓને ઝડપી પાડી હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.




હિંમતનગર ખાતે શિક્ષિકા પત્ની સાથે રહેતા રાજસ્થાન વીંછીવાડા તાલુકાના ચુંડાવાડા ગામના યુવક લક્ષ્મણ મનજીભાઈ ગામેતી ગત શનિવારે બાઈક લઈ કામકાજ અર્થે નીકળ્યા બાદ શામળાજીના વેણપુર ગામ નજીક ત્રણ શખ્સોએ ગડદા પાટુનો માર મારતા સારવાર મળે તે પહેલા યુવકનું મોત નિપજતાં યુવકની પત્ની અને પરિવારજનો શામળાજી પોલીસ સ્ટેશને ઉમટ્યા હતા. મૃતકની શિક્ષિકા પત્ની સંગીતા ગામેતીએ શામળાજી પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમોએ માર મારી હત્યા કરી હોવાની ફરિયાદ નોંધાવતા શામળાજી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અરવલ્લી એલસીબી પોલીસે ગણતરીના દિવસોમા યુવકની હત્યાનો ભેદ ઉકેલી નાખી બે હત્યારાની ધરપકડ કરી હતી જેમાં ત્રણ યુવકોએ બાઈક અથડાવા જેવી સામાન્ય બાબતમાં યુવકને માર મારી મોતને ઘાટ ઉતાર્યો હતો.

હત્યામાં સંડોવાયેલ ફરાર હત્યારા યુવકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ગત શનિવારે લક્ષ્મણભાઈ ગામેતી બાઈક લઈ કામકાજ અર્થે વતન જઈ પરત ફરી રહ્યો હતો ત્યારે વેણપુર ગામ નજીક તેની બાઈક સાથે અન્ય બાઈક અથડાતા સામાન્ય બોલાચાલી બાદ ઝગડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા લક્ષ્મણ ગામેતીને રાહુલ ઉર્ફે રવી ગોવિંદભાઈ ડેડોર (રહે. સુનોખ), કુલદીપ વિશ્રામ ભેણાત (રહે. અણસોલ) અને મહિપાલ નામના યુવકે લક્ષ્મણ ગામેતીને ગડદા પાટુનો મારમારી લાકડી વડે તૂટી પડતા લક્ષ્મણ ગામેતીના પેટના ભાગે ઈજાઓ પહોંચતા બેભાન થઈ પડતા ત્રણે યુવકો બાઈક લઈ રફુચક્કર થઈ ગયા હતા. લક્ષ્મણ ગામેતીને સારવાર મળે તે પહેલા મોત નિપજતા ત્રણે યુવકો ભાગી જવાની ફિરાકમાં હતા ત્યારે અરવલ્લી એલસીબી પોલીસે લક્ષ્મણ ગામેતીને રાહુલ ઉર્ફે રવી ગોવિંદભાઈ ડેડોર (રહે. સુનોખ), કુલદીપ વિશ્રામ ભેણાત (રહે. અણસોલ)ને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. મહીપાલ નામના હત્યારાને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

## સરહદી બનાસકાંઠા જિલ્લામાં શુક્રવારે કોરોનાના વધુ ૧૩ પોઝેટિવ કેસ

### સાબરકાંઠામાં કોરોના પોઝેટીવના વધુ પાંચ કેસ

સરહદી બનાસકાંઠા જિલ્લામાં શુક્રવારે કોરોનાના વધુ ૧૩ પોઝેટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૫૦૫ એ પહોંચી છે. જયારે કુલ મૃત્યુઆંક ૬૧ પહોંચ્યો છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં શુક્રવારે કોરોનાના વધુ ૧૩ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં૦૨, વેપારી મથક ડીસામાં૦૩, લાખણી માં ૦૧, દાંતીવાડામાં ૦૧, દિયોદરમાં ૦૧, ભાભરમાં૦૩, કાંકરેજમાં૦૧, અને સુઈગામમાં ૦૧ કેસ નોંધાયા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, કુલ ૮૧૯ સેમ્પલમાં થી ૧૩ કેસ પોઝેટિવ આવ્યા હતા. જયારે મૃત્યુઆંક ૬૧ એ પહોંચ્યો છે.

સાબરકાંઠા જિલ્લામાં શુક્રવારે કોરોના પોઝેટીવના નવા પાંચ કેસ નોધાયા છે ત્યારે કુલ આંકડો ૧૨૩૯ થવા જાય છે. જોકે દિનપ્રતિદિન ઘટી રહેલા કેસ બતાવે છે કે જિલ્લામાં કોરોના થાક્યો હોય તેમ કહી શકાય.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ શુક્રવારે જે નવા પાંચ કેસ નોધાયા છે તેમાં હિંમતનગરની એવન સોસાયટીમાં રહેતા ૫૭ વર્ષિય પુરૂષ તથા પુર્ણીમા સોસાયટીમાં રહેતા ૨૦ વર્ષિય મહિલાનો સમાવેશ થાય છે. તેજ પ્રમાણે ઈડરના જશવંતગઢ ગામમાં ૩૫ વર્ષિય પુરૂષ તથા તલોદ તાલુકાના ગણેશપુરા ગામના ૨૯ વર્ષિય પુરૂષ ઉપરાંત આનંદ પાર્કમાં રહેતા ૩૦ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે.

આમ જોવા જઈએ તો સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝેટીવનો આંક દિનપ્રતિદિન નીચો જઈ રહ્યો છે ત્યારે શુક્રવાર સુધીમાં કુલ આંકડો ૧૨૩૯ થયો છે જોકે તેપૈકી ૧૧૬૨ લોકોએ કોરોનાને મ્હાત આપી છે. જેથી જિલ્લામાં હાલ એક્ટીવ કેસનો આંકડો ૦૪૫૨ સ્થિર થયો છે.

## ડીવાયએસપી ભરત બસીયાએ વૃદ્ધ બંટી ઔર બબલીનો કર્યો પર્દાફાશ

### મોડાસામાં પોસ્ટ રીકરીંગના નામે ગ્રાહકોના નાણાં ખિસ્સામાં મુકતા હતા

મોડાસા, તા. ૬
રાજયમાં અનેક ખાનગી ક્રેડીટ સોસાયટીઓ ઉંચો વ્યાજદર અને થોડાક વર્ષોમાં નાણાં ડબલ કરવા જેવી વિવિધ લોભામણી જાહેરાત અને સ્થાનીક એજન્ટોને ઉંચા કમિશન આપી લોકો પાસેથી કરોડો રૂપિયાનું ઉઘરાણું કરી રાતો રાત પાટિયા પાડી રફુચક્કર થવાની અનેક ઘટનાઓ સતત બનતા લોકો હવે પોસ્ટ અને બેંકમાં રીકરીંગ મારફતે નાણાં રોકાણ કરી બચત કરી રહ્યા છે ત્યારે મોડાસા શહેરમાં પોસ્ટમાં રીકરીંગનું કામકાજ કરતા વૃદ્ધ દંપતીએ ઢળતી ઉંમરે કરેલ કૌભાંડથી લોકોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. મોડાસા શહેરમાં બોરડીવાળા કુવા નજીક રહેતા વૃદ્ધ દંપતી મંજુલાબેન વિજયભાઈ મહેતા અને વિજયભાઈ રમણલાલ મહેતાએ ૧૦૦ થી વધુ ગ્રાહકો પાસેથી પોસ્ટ ઓફિસમાં રિકરિંગના નામે નાણાં તો ઉઘરાવ્યા, પણ ખાતામાં નહીં ભરી ખિસ્સામાં ભરતા લાખ્ખો રૂપિયાનું કૌભાંડ આચરતા જેલની હવા ખાવાનો વારો આવ્યો છે. પોલીસે ઠગ દંપતીનો ભોગ બનેલ લોકોએ પોલીસનો સંપર્ક કરવા અપીલ કરી છે.




જો તમે એજન્ટ થકી સરકારી વીમા અથવા તો સરકારી કચેરીમાં નાણાં રોકતા હોવ તો થોડી સાવચેતી જરૂર રાખજો, કારણ કે મોડાસા શહેરમાં પોસ્ટ ઓફિસમાં રિકરિંગના નામે લોકોના નાણાં ઉઘરાવી ચાઉ કરી જવાની ઘટના સામે આવી છે અને એક કે બે નહીં પણ સો થી વધારે ગ્રાહકોના નાણાંની ઉચાપત કરનાર દંપત્તિને અરવલ્લી જિલ્લા પોલિસે ઝડપી પાડ્યું છે. અરવલ્લી જિલ્લામાં પોસ્ટમાં રીકરિંગના નાણાં ઉઘરાવી ફ્રોડ કરનાર દંપત્તિને પોલિસે ઝડપી પાડ્યું છે. મોડાસા શહેરમાં રહેતું દંપત્તિ રોકાણકારો પાસેથી રિકરિંગના નાણાં લેતા હતા અને ખાતામાં જમા નહોતા કરાવતા, જેને લઈને અરવલ્લી જિલ્લા નાયબ પોલિસ વડા ભરત બસિયાના ધ્યાને વાત આવી હતી. નાયબ પોલિસ વડા ભરત બસિયાએ તાત્કાલિક આ અંગે તપાસ કરતા સો થી વધારે લોકો આ દંપત્તિના ફ્રોડનો શિકાર બન્યા હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે.

પોલિસે ઠગ કરનાર દંપત્તિએ કેટલા નાણાંની ઉચાપત કરી છે, તે અંગે ચોક્કસ આંકડાની માહિતી પોલિસને મળી નથી, પણ પોલિસ આ સમગ્ર મામલે ઠગ કરનાર દંપત્તિની પૂછપરછ કરી રહી છે. પોસ્ટ ઓફિસમાં રિકરિંગના નામે કોઈ વ્યક્તિ આ દંપત્તિનો શિકાર બની હોય તો તાત્કાલિક નજીકના પોલિસ મથકે જાણ કરવા જિલ્લા પોલિસે અપિલ કરી છે.

મહેનતની પૂંજી ક્યાય ન વેડફાય અને ઠગ ટોળકીના હાથે ન જાય તે ધ્યાન રાખવાની જવાબદારી તમામ લોકોની છે, પણ આવા ઠગ વ્યક્તિઓ ગ્રાહકોને વિશ્વાસમાં લઈને નાણાં ચાઉ કરી જાય છે, તે ખૂબ ધ્યાન રાખવા જેવી બાબત છે.

## દિવાળીની ભેટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તહેવારોને ધ્યાનમાં રાખી ત્રણ મહિનાના મોંઘવારી ભથ્થાના આ તફાવતની રકમ દિવાળીના તહેવાર પહેલા ચુકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આને કારણે રાજ્ય સરકાર પર કુલ-૪૬૪ કરોડનો બોજો આવશે અને રાજ્ય સરકારના કુલ-૫,૧૧,૧૨૯ જેટલા કર્મચારીઓ તથા ૪,૫૦,૫૦૯ જેટલા પેન્શનરોને આનો લાભ મળશે.

## વધુ ૨૦ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૩ માં જ રહેતા ખાનગી રેસ્ટોરન્ટ ચલાવતા ૪૭ વર્ષીય સંચાલકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના આસિ. રજીસ્ટ્રાર તરીકે ફરજો બજાવતી અને સે. ૨૯ માં રહેતી ૩૧ વર્ષીય મહિલા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૭ માં રહેતા અને સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજો બજાવતા ૪૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત સે. ૨૭ માંથી ૧૬ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૩ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૧૩ માંથી ૪૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત એક ૬૨ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે.

સે. ૫ માં રહેતા અને નવા સચિવાલયમાં સેક્શન અધિકારી તરીકે ફરજો બજાવતા ૫૮ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૬ માંથી પણ આજે દંપત્તિ કોરોનાની ઝપટે ચડ્યુ છે. ૬૩ વર્ષીય પુરૂષ અને ૬૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં ૧૪૦ થી વધુ લોકો હાલ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

## નિરસતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાચવવા પુરતી ખરીદી કરવા માટે જ ઉત્સુક છે. શહેરના સે-૨૪ માં સ્થિત શ્રીજી જવેલર્સના દિનેશ બાબરીયાના જણાંવ્યા મુજબ હાલ સોના ચાંદી બજારમાં મંદી છે. અલબત્ત ગત દિવાળીની સાપેક્ષમાં ૫૦ ટકા જ ઘરાકી છે. કોરનાની મહામારીના લીધે ઘણાંએ નોકરી ગુમાવી છે. ધંધામાં પણ મોટી ખોટ કરી છે. ત્યારે બીજીતરફ લગ્નસિઝન પણ મહામારીના લીધે ફીક્કી છે. આવા સંજોગોમાં હાલ દુકાનમાં આવતા ગ્રાહકો પણ વીંટી અને બુટ્ટી સહીતની નાના દાગીના જ ખરીદે છે. લગડી ખરીદવા સહીત સોનામાં રોકાણ કરતા નથી. નાગરિકોની ખરીદ શક્તિ નથી જયારે આ સમયમાં રોકાણકારો પણ રસ દાખવતા નથી. દિવાળી બાદ આગામી દિવસોમાં ગોલ્ડ બજારમાં તેજી આવશે તેવી આશ છે. જો કે આજે પુષ્યનક્ષત્રનો દિવસ હોવાથી સોના ચાંદી બજારમાં ઘરાકી નિખરે તેવી આશ પણ શહેરના વેપારીઓને છે.

## વધુ ૧૫ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિકલ્પ સ્વીકાર્યો છે. અર્બન વિસ્તારમાંથી ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત ૬૪ વર્ષીય ગૃહીણી અને ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે બન્ને મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલમાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે જેમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને એક કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવેલ છે.

પલસાણા ગામેથી ૨૪ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સોજા ગામેથી ૮૧ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત અર્બન વિસ્તારમાંથી ૬૪ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગ્રામીણ વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૪૫૪ દર્દીઓ કોરોના મુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૧૫૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને જિલ્લામાં ૧૩,૪૧૧ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

## વાઘ દેખાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓળખાય છે. ભારત વાઘોના રહેઠાણની દ્રષ્ટિથી સૌથી મોટો દેશ છે. ભારતમાં દુનિયાના અંદાજે ૭૦ ટકા વાઘ મળે છે, જેમાં સફેદ વાઘ પણ સામેલ છે. સફેદ વાઘ મધ્યપ્રદેશના પન્ના અને તેની આજુબાજુના વિસ્તારોમાં જ જોવા મળે છે. કાળા વાઘોના મામલામાં તેમનો રંગ જિનેટિક ડિફેક્ટના કારણ કાળા હોય છે, જે તેમના કેસરી રંગને ઢાંકી દે છે.

## સરહદે તણાવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવાની કોશિષ કરી તો ભારત પોતાની જમીનના રક્ષણ માટે કોઈપણ પગલાં ઉઠાવાથી સંકોચ કરશે નહીં.

સીડીએસ જનરલ બિપિન રાવતે કહ્યું કે એલએસી પર તણાવ સતત યથાવત છે. બંને દેશોની સેનાઓ તણાવ ઘટાડવા માટે સતત વાતચીત કરી રહ્યું છે. અમને ડિફેન્સ ડિપ્લોમેસીની અગત્યતા ખબર છે. આથી અમે મિલિટ્રી ડિપ્લોમેસી શ્રેષ્ઠ કરી છે. તેમણે કહ્યું કે ચીનને ભારતના જવાબનો અંદાજો નથી. જો ચીનની સેના (પીએલએ) એ લદ્દાખમાં કોઈપણ પ્રકારનું દુઃસાહસ કરવાની કોશિષ કરી તો તેને ભારતીય સેના જડબાતોડ પાઠ શીખવવામાં પીછે હટ કરશે નહીં.

## ઉખાડી ફેંકવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે અહીં માતાજીના દર્શન કર્યા. અહીં સ્વામી વિવેકાનંદના ગુરુ પરમહંસે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. ૨૦૧૫માં પીએમ મોદી પણ અહીં દર્શન માટે આવ્યા હતા. અમિત શાહે આ પ્રસંગે ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ અને મહર્ષી અરવિંદનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે મમતા સરકાર પર હુમલો કરતા કહ્યું હતું કે બંગાળ આધ્યાત્મિક ચેતનાનું કેન્દ્ર રહ્યું છે, પરંતુ આજે તુષ્ટિકરણ ચરમ પર છે. સ્વાભાવિક છે કે શાહ આમ કરીને હિન્દુ મતદાતાઓને સ્પષ્ટ સંદેશ આપી રહ્યા છે. અમિત શાહ દક્ષિણેશ્વર કાળી મંદિરમાં પૂજા-આરાધના કર્યા બાદ મતુઆ સમુદાયના મંદિરમાં જઈ તેમની સાથે ભોજન લેશે. આ સમુદાય બંગાળની બીજી સૌથી મોટી આદિજાતિ છે. તેની જનસંખ્યા ૭૨ લાખ છે, અને ૧૦ વિધાનસભા બેઠકો પર તેમનો પ્રભાવ છે.

## ભાષણ બંધ કર્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમારી પાસેથી ચૂંટણી ચોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું જ્યારે ચૂંટણીના મેદાનમાં તેમના પ્રતિદ્વંદ્વી અને ડેમોક્રેટ્સ ઉમેદવાર જો બાયડન જીત તરફ આગળ વધી રહ્યા છે.

એમએસએનબીસી ટીવી ચેનલના એક્કર બ્રેન વિલિયમ્સે લાઈવ કવરેજ દરમિયાન દખલ આપતા કહ્યું કે, ઠીક છે, અહીં અમે એકવાર ફરીથી ન માત્ર અમેરિકન રાષ્ટ્રપ્રમુખનું લાઈવ ટેલિકાસ્ટ અટકાવી રહ્યા છીએ, અમે જાણીએ છીએ ત્યાં સુધી કોઈ ગેરકાયદે વોટ નથી. આ બાદ નેટવર્કે તરત જ રાષ્ટ્રપ્રમુખનો લાઈવ પ્રોગ્રામ બંધ કરી દીધો. આ ઉપરાંત એનબીસી અને એબીસી ન્યૂઝે પણ રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પનો લાઈવ પ્રોગ્રામ બંધ કરી દીધો. સીએનએનના જેક ટેપરે કહ્યું, સંયુક્ત રાજ્ય અમેરિકાના લોકો માટે આ એક દુઃખદ રાત હતી, જ્યારે લોકોએ રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીમાં ચોરી કરાવવાનો ખોટો આરોપ લગાડતા જોયો.